| | | | | |
|---|---|---|---|---|
| આંક | : | | | |
| દાખલ તારીખ | : | ૨૫ | ૦૨ | ૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૦૭ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | ૦૦ | ૦૦ | ૧૦ |

# મે.ના.શ્રી છઠ્ઠા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં, ગાંધીનગર.

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબર–૩૫૦/૨૦૨૬</u>**

---------------------------------------

**<u>અરજદારો</u>** :(૧) વિષ્ણુકુમાર સ/ઓ રામાવતાર ગુર્જર પટેલ
ઉ.વ.: ૨૭, ધંધો: અભ્યાસ,
રહે: ગામ–હીરાપત, માનસરોવર,
જયપુર, રાજસ્થાન.
કાયમી રહે: નાંગલબુચા, જિ. બયાણા
જિ.ભરતપુર, રાજસ્થાન.

(૨) શેરસિંગ સ/ઓ હેતરામસિંહગ ગુર્જર
ઉ.વ.: ૨૩, ધંધો: નોકરી
કાયમી રહે: સ્વર્ણપત, માનસરોવર
જયપુર, રાજસ્થાન.
ગામ: ભીમનગર, જિ.બયાણા.
જિ.ભરતપુર, રાજસ્થાન.

(૩) માધવ રાવ લક્ષ્મણ સિંગ ગુર્જર
ઉ.વ.: ૨૨, ધંધો: અભ્યાસ,
રહે: એસઈયુ પી.એસટીઓ.ઘાટા
તા.ડિંગ,
રાજસ્થાન.
હાલ રહે: સેન્ટ્રલ જેલ,સાબરમતી, અમદાવાદ.

**<u>વિરૂદ્ધ</u>**

**<u>સામાવાળા</u>** : (૧) શ્રી સરકાર

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિ.વ.શ્રી એચ.એચ.દવે |
| સામાવાળા તરફે | : | વિ.પી.પી.શ્રી એચ. એન. રાવલ |

-----------------------------------------

## -:: હુ ક મ ::-

(૧) હાલની અરજી બી.એન.એસ.એસ. ની કલમ-૪૮૩ પ્રમાણે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે રજુ કરવામાં આવી છે. અરજદારની સામે સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ગુ.ર. નં.-૧૧૨૦૧૦૧૮૨૬૦૦૧૫/૨૦૨૬, બી.એન.એસ. કલમ-૩૧૮(૪), ૩૧૯(૨), ૩૩૬(૩), ૩૩૮, ૬૧(૨), ૩૪૦, ૩૪૦(૨), આઈ.ટી.એકટની કલમ -૬૬(સી), ૬૬(ડી) મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨) **બનાવની ટુંકમાં વિગત:-**

બનાવની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીઓએ સાથે મળી સોમનાથ ટ્રસ્ટ હસ્તકની સોમનાથ સાગર દર્શન, લીલાવતી અતિથીભવન તથા મહેશ્વરી સમાજ અતિથી ગૃહ નામની હોટલોના નામની એઆઈ ધ્વારા ફેક વેબસાઈટો બનાવી તથા AGODA પ્લેટફોર્મ પર સોમનાથ ટ્રસ્ટની મંજુરી વગર હોટલોનું ગેરકાયદેસર રજીસ્ટ્રેશન કરાવેલ અને હોટલના મુળ ફોટાઓનો ઉપયોગ કરી તેમાં એડિટીંગ કરીને ખોટા બુકીગ મોબાઈલ નંબરો દર્શાવી તેમજ પર્યટકોને લોકેશન આપવા માટે લોકેશન ચેન્જર નામની એપ્લીકેશનનો ઉપયોગ કરી પર્યટકોને ભ્રમિત કરતા હોઈ અને સાયબર સીંડીકેટના આરોપીઓ છેતરપિંડીની રૂપિયા મેળવવા સારુ QR CODE સ્કેનર મારફતે રૂપિયા મેળવી તેના બદલામાં એઆઈ ધ્વારા

જનરેટ કરવામાં આવેલ બુકિંગ રીસીપ્ટ ભોગ બનનારને મોકલી આપતા હતા અને પર્યટકો પાસેથી બુકિંગ અર્થે નાણા મેળવી લઈ નાણા સગેવગે કરી ગુનો આચરી ખોટુ હોટેલ બુકીગ લેવામાં આવતુ હતુ અને તેમ કરીને છેતરપિંડી આચરેલ છે. આ પ્રમાણેનો ગુનો કર્યો છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એચ.એચ.દવે દ્વારા રજુઆત કરવામાં આવી છે કે, અરજદારો બિલકુલ નિર્દોષ છે. ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. ફરિયાદપક્ષનો કેસ એવો છે કે, સોમનાથ મંદિરની ખોટી વેબસાઈટ બનાવીને પર્યટકો પાસેથી નાણા પડાવી લેવામાં આવ્યા હતા અને તે રીતે કોમ્પ્યૂટર અને ઈન્ટરનેટનો ઉપયોગ કરી ફ્રોડ કરવામાં આવ્યો. અરજદારો ખરેખર આ વિશે કંઈ જાણતા નથી. અરજદારે ખોટી વેબસાઈટ બનાવવામાં કોઈ ભાગ ભજવ્યો નથી. અરજદારે કોઈ પણ પર્યટક પાસેથી કોઈ નાણાકીય રકમ લીધી નથી.અરજદાર ખરેખર નિર્દોષ છે. અરજદાર વિષ્ણુ અને માધવ અભ્યાસ કરતા યુવક છે. જયારે અરજદાર શેરસિંગ નોકરી કરે છે. જો અરજદારોને જામીન મુકત ન કરવામાં આવે તો તેની કારર્કિદી ઉપર જોખમ ઉભુ થાય છે તે સંજોગોમાં અરજદારોને યોગ્ય રકમના અને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવા વિનંતી કરેલી છે.

(૪) જીલ્લા સરકારી વકીલશ્રી એચ.એન.રાવલ દ્વારા દલીલ કરવામાં આવી છે કે, હાલના અરજદારો અન્ય સહ આરોપીઓ સાથે મળીને શ્રી સોમનાથ ટ્રસ્ટ સંચાલીત અતિથિ ગૃહોના નામ અને મૂળ ફોટોગ્રાફનો ગેરકાયદેસર ઉપયોગ કરી

જનતા સાથે છેતરપિંડી કરવાના બદ ઈરાદાથી તેના જેવી જ મળતી ભળતી ખોટી અને ભ્રામક વેબસાઈટો બનાવી પર્યટકોને ગેરમાર્ગે દોરી ધાર્મિક ટ્રસ્ટના નામનો દુરઉપયોગ કરી પુર્વ આયોજિત કાવતરુ રચી આર્થિક લાભ મેળવવાના ઈરાદાથી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. વધુમાં આ ગુનાના અન્ય આરોપી સચિન હરસાણા અને પકડવાના બાકી આરોપી સચિન ગુર્જરને પકડવાના બાકી હોય જેથી તેઓને પકડવા માટે સદર કામના અરજદારોની જરૂર હોય જેથી તેઓને જામીન ન આપવા અરજ કરેલી છે. વધુમાં હાલ તપાસ ચાલી રહી છે. જો આ તબકકે તેઓને જામીન મુકત કરવામાં આવશે તો તપાસને અસર થાય તેમ છે તેમજ પુરાવાનો નાશ કરે તેવી પણ શકયતાઓ છે. આમ હાલના આરોપીઓ પ્રથમથી જ આ ગુનો થયો તેના સહ આરોપી સાથે આ ગુનામાં સંકળાયેલા છે અને ગુનાહિત કૃત્ય કરીને નિર્દોષ માણસ પાસેથી ઘણી બધી રકમ પડાવી લેવામાં આવી છે. સમગ્ર ભારતમાં આ ગુનાહિત કૃત્યને કારણે ૯૦ જેટલી સાઈબર ફ્રોડ ફરિયાદ દાખલ થયેલ આમ, અરજદારોનું કૃત્ય જોતા જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલી છે.

**(૫) મારુ એવુ માનવુ છે કે, અરજદારને જામીન મુકત કરવા જોઈએ તે માટેના કારણો નીચે મુજબ છે :**

**એ)** તપાસ કરનાર અમલદાર દવારા જે એફિડેવિટ રજૂ કરવામાં આવ્યું તેમા જે રીતે આ ગુનો કરવામાં આવ્યો તે ગુનાની ટૂંકમાં વિગત એવી છે કે, આરોપી સચિન હરસાના અને સચિન ગુર્જર દવારા સોમનાથ મંદિર ટ્રસ્ટની ખોટી વેબસાઈટ બનાવવામાં આવી અને આ વેબસાઈટ ઉપર રહેવા માટે બુકિંગના નામે નિર્દોષ માણસો

પાસેથી રકમ મેળવી લીધી અને છેતરપિંડી કરી. હાલના આરોપીઓ કઈ રીતે આ બનાવમાં સંડોવાયેલા છે તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જે એફિડેવિટ રજૂ કર્યું છે તે પ્રમાણે અરજદાર વિષ્ણુકુમાર નાએ એક વખત સહ આરોપી સચિન ગુર્જર પાસેથી રૂા.૧૫૦૦/– લઈને સિમકાર્ડ વેચ્યું હતું. તે રીતે હાલના અરજદાર વિષ્ણુ આ બનાવમાં સંડોવાયેલ છે. તે જ રીતે અરજદાર નં.૦૨ અને ૦૩ જે રૂમમાં રહેતા હતા તે રૂમમાં આરોપી સચિન હરસાના અને સચિન ગુર્જરને આસરો આપ્યો અને તે રીતે છેતરપિંડી કરવામાં મદદરૂપ થયા અને તે રીતે હાલના અરજદાર નં.૦૨ અને ૦૩ નાઓનું આ ગુનામાં ઈન્વોલ્વમેન્ટ છે. આમ, જે હકીકતો એફિડેવિટમાં જાહેર કરવામાં આવી છે તે મુજબ અરજદારો ૦૩ ફેક વેબસાઈટ બનાવનાર આરોપી નથી, પરંતુ આ ફેક વેબસાઈટ બની ગયા પછી જે છેતરપિંડી કરવામાં આવી તેમાં કયાં તો સિમકાર્ડ આપીને અથવા સહ–આરોપીઓને આશ્રય આપીને અને ગ્રાહકો સાથે વાતચીત કરીને ગુનામાં સંડોવાયા, તે પ્રમાણેના આક્ષેપ છે. સાથે–સાથે અરજદારોની ઉંમર જોવામાં આવે તો હજી યુવાન વયના છે. હાલના અરજદારો આ સિવાય અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલા નથી. આ ગુનામાં હાલના અરજદારોનો જે રોલ છે તે જોવામાં આવે તો પણ તેને જો જામીન મુકત કરીએ તો ન્યાયનો હેતુ જળવાશે.

બી) વધુમાં, આ અદાલતે આ જ ગુનાના સહ–આરોપી રાજકુમાર અભિષેકને જામીન મુકત કરવાનો હુકમ અગાઉ કર્યો છે. જેને જામીન મુકત કરવાનો હુકમ કર્યો છે તેનો આ ગુનામાં રોલ અને હાલના અરજદારોનો રોલ જોતાં પણ હાલના અરજદારોને જામીન મુકત

કરીએ તે ઉચિત છે. તેથી નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**:: આખરી હુકમ ::**

– અરજદારો ૧) **વિષ્ણુકુમાર સ/ઓ રામાવતાર ગુર્જર પટેલ,** ૨) **શેરસિંગ સ/ઓ હેતરામસિંહગ ગુર્જર,** ૩) **માધવ રાવ લક્ષ્મણ સિંગ ગુર્જર નાઓને પ્રત્યેકને રૂા.૫૦,૦૦૦/–** (અંકે રૂપિયા પચ્ચાસ હજાર પૂરા)ના બેલબોન્ડ રજુ કર્યેથી સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૧૦૧૮૨૬૦૦૧૫/૨૦૨૬, બી.એન.એસ.કલમ–૩૧૮(૪), ૩૧૯ (૨), ૩૩૬(૩), ૩૩૮, ૬૧ (૨), ૩૪૦, ૩૪૦ (૨), આઈ.ટી. એકટની કલમ –૬૬(સી), ૬૬(ડી) ના ગુના કામે નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:–**

**૧.** અરજદાર/આરોપીએ ફરિયાદ કે ફરિયાદપક્ષના સાહેદોને ધાક–ધમકી, લોભ–લાલચ પ્રલોભન આપવા–અપાવવા નહી કે ફરિયાદપક્ષના સાહેદ પુરાવા સાથે ચેડા થાય તેવુ કૃત્ય કરવું કરાવવું નહી તેમજ તપાસ કરનાર અમલદારને તથા ગુનાની પોલીસ તપાસમાં પુરતો સાથ સહકાર આપવો.

**૨.** અરજદાર/આરોપીએ આવી કોઈ પણ ગુનાહિત પ્રવૃતિઓમાં સંડોવાવું નહીં તથા સ્વતંત્રતાનો દૂરૂપયોગ કરવો નહિં.

**૩.** અરજદાર/આરોપી તથા જામીનદારે જામીન આપતી વખતે પોતાના રહેઠાણનું પાકું અને કાયમી સરનામુ(આધાર પુરાવા તથા ટેલીફોન/મોબાઈલ નંબર સહિત) નું પુરૂ પાડવુ અને તેમાં કોઈ ફેરફાર થાય તો, ટ્રાયલ કોર્ટ તથા સંબંધીત

પોલીસ સ્ટેશનને લેખીત જાણ કરવી. જામીનદારે જામીન આપતી વખતે અરજદાર/આરોપીને ઓળખતા હોવા અંગેના જરૂરી પુરાવા રજુ કરવા.

**૪.** અરજદાર/આરોપીએ આ હુકમની તારીખથી છ મહિના સુધી સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં દરેક અંગ્રેજી મહિનાની તારીખ ૧ થી ૫ વચ્ચે કલાક–૧૧:૦૦ થી ૨:૦૦ દરમ્યાન એક વખત અચુક હાજરી પુરાવવી.

**૫.** અરજદાર/આરોપીએ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

હુકમ આજરોજ તા.**૦૭, માર્ચ સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
ગાંધીનગર.

**(વિરેન્દ્રસિંહ જી. રણા)**
છઠ્ઠા અધિક સેશન્સ જજ
ગાંધીનગર.
(GJ 00964)

//M.D.C//